## ભાવનગર મહાનગરપાલિકા
## ગાર્ડન વિભાગ

| ક્રમ | કામની વિગત | ટેન્ડરસાથે ભરવાની ડીપોઝીટ | ટેન્ડર ફી (નોનરીફંડેબલ) |
|---|---|---|---|
| ૧ | ગાર્ડન વિભાગ ની જરૂરિયાત મુજબ ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબ ના સૂચવેલ સ્થળે સપ્લાય/વૃક્ષારોપણ સાથે ફીટ કરી આપવાનું ત્રી-વાર્ષિક (૨૦૨૪-૨૦૨૫ તથા ૨૦૨૫-૨૦૨૬ તથા ૨૦૨૬-૨૦૨૭ સુધી) કામ. | રૂ.૨૫,૦૦૦/- | રૂ.૫૦૦/- |

નોંધ- ૧. ટેન્ડર ભરવાની તારીખ:૦૪/૦૩/૨૦૨૨ થી ૨૬/૦૪/૨૦૨૪. ૨. ટેન્ડર ડોક્યુમેન્ટ (ટેકનીકલ બીડ) અત્રેની કચેરીએ પહોંચતા કરવાની તારીખ ૦૧/૦૪/૨૦૨૪ શક્ય હશે તો ૦૧/૦૪/૨૦૨૪ ના રોજ જ ટેન્ડર કમીટી ટેન્ડર ડોક્યુમેન્ટ (ટેકનીકલ બીડ) ખોલવામાં આવશે. ટેકનીકલ બીડમાં ઉતીર્ણ થનાર સંસ્થાઓની જ ઓનલાઈન પ્રાઈઝબીડ ખોલવામાં આવશે. પ્રાઈઝબીડ ખોલવાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો આખરી રહેશે.

ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ
મહાનગરપાલિકા, ભાવનગર.

## ભાવનગર મહાનગરપાલિકા
## ગાર્ડન વિભાગ

ગાર્ડન વિભાગ ની જરૂરિયાત મુજબ વિવિધ પ્રકારના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબ ના સૂચવેલ સ્થળે ફીટ કરી આપવાના કામમાટે આ પ્રકારની કામ કરતી એજન્સીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ૧. ટેન્ડર ભરવાની તારીખ:0૪/03/૨0૨૪ થી ૨૬/03/૨0૨૪. ૨. ટેન્ડર ડોક્યુમેન્ટ (ટેકનીકલ બીડ) અત્રેની કચેરીએ પહોંચતા કરવાની તારીખ 0૧/0૪/૨0૨૪ શક્ય હશે તો 0૧/0૪/૨0૨૪ ના રોજ જ ટેન્ડર કમીટી ટેન્ડર ડોક્યુમેન્ટ (ટેકનીકલ બીડ) ખોલવામાં આવશે. ટેકનીકલ બીડમાં ઉતીર્ણ થનાર સંસ્થાઓની જ ઓનલાઈન પ્રાઈઝબીડ ખોલવામાં આવશે. પ્રાઈઝબીડ ખોલવાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો આખરી રહેશે. આ અંગેની વિગતવાર જાહેર નિવિદા કોન્ટ્રાકટરોની જાણ માટે ભાવનગર મહાનગરપાલિકાના ઓફીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. તથા ઓનલાઇન વિજ્ઞાપન www.bmcgujarat.com ઉપર પણ જોઇ શકાશે. આ ટેન્ડર ઓનલાઈન વેબસાઈટ https://tender.nprocure.com પર જ ભરવાનું રહેશે.

ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ
મહાનગરપાલિકા, ભાવનગર.

ગાર્ડન વિભાગ - મહાનગરપાલિકા ભાવનગર

કામનું નામ :-ગાર્ડન વિભાગ ની જરૂરિયાત મુજબ ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબ ના સૂચવેલ સ્થળે સપ્લાય/વૃક્ષારોપણ સાથે ફીટ કરી આપવાનું ત્રી-વાર્ષિક (૨૦૨૪-૨૦૨૫ તથા ૨૦૨૫-૨૦૨૬ તથા ૨૦૨૬-૨૦૨૭ સુધી) કામ.

કોન્ટ્રાકટરશ્રીનું નામ :-

સરનામું :-

ટેલીફોન નં./મો.નં.:-

ટેન્ડર ફી ભર્યાની પહોંચ નંબર..................................તારીખ..................................

| ક્રમ | વિગત | ટ્રી-ગાર્ડનો ભાવ/નંગ (રૂ.) |
|---|---|---|
| ૧ | લોખંડના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબના સૂચવેલ સ્થળે વૃક્ષારોપણ સાથે ફીટ કરી આપવાનો ભાવ. (૧ થી ૨૫ નંગ માટે) | |
| ૨ | લોખંડના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબના સૂચવેલ સ્થળે વૃક્ષારોપણ સાથે ફીટ કરી આપવાનો ભાવ. (૨૬ થી ૫૦ નંગ માટે) | |
| ૩ | લોખંડના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબના સૂચવેલ સ્થળે વૃક્ષારોપણ સાથે ફીટ કરી આપવાનો ભાવ. (૫૧ થી ૧૦૦ નંગ માટે) | |
| ૪ | લોખંડના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબના સૂચવેલ સ્થળે વૃક્ષારોપણ સાથે ફીટ કરી આપવાનો ભાવ. (૧૦૧ કે તેથી વધુ નંગ માટે) | |
| ૫ | લોખંડના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબના સૂચવેલ સ્થળે માત્ર સપ્લાય કરી આપવાનો ભાવ. (૧ થી ૨૫ નંગ માટે) | |
| ૬ | લોખંડના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબના સૂચવેલ સ્થળે માત્ર સપ્લાય કરી આપવાનો ભાવ. (૨૬ થી ૫૦ નંગ માટે) | |
| ૭ | લોખંડના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબના સૂચવેલ સ્થળે માત્ર સપ્લાય કરી આપવાનો ભાવ. (૫૧ થી ૧૦૦ નંગ માટે) | |
| ૮ | લોખંડના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્પેસીફીકેશન મુજબના સૂચવેલ સ્થળે માત્ર સપ્લાય કરી આપવાનો ભાવ. (૧૦૧ કે તેથી વધુ નંગ માટે) | |

**-::શરતો ::-**

(૧) આ ટેન્ડર સરકારશ્રીના આર એન્ડ બી વિભાગનું E2 કે તેથી ઉપરના વર્ગનું રજિસ્ટ્રેશન ધરાવનાર સંસ્થા જ ભરી શકશે.

(૨) ટેન્ડર ભરનાર સંસ્થાનું છેલ્લા 3 વર્ષ (૨૦૨૧-૨૨,૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪) નું સરેરાશ વાર્ષિક ટર્ન ઓવર રૂ.૧૮ લાખ કે તેથી વધુ હોવું જોઈએ. જે માટે જરૂરી સી.એ. સર્ટીફીકેટ તથા અન્ય જરૂરી આધારો સામેલ રાખવાના રહેશે. છેલ્લા 3 વર્ષ (૨૦૨૧-૨૨,૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪) ના ઇન્કમટેક્ષ રીટર્ન જોડવાના રહેશે.

(3) ટેન્ડર ભરનાર સંસ્થાએ છેલ્લા 3 વર્ષ (૨૦૨૧-૨૨,૨૦૨૨-૨૩,૨૦૨૩-૨૪) દરમિયાનમાં આ પ્રકારનું રૂ.૪૮ લાખનું એક વર્ષમાં કુલ કામ અથવા રૂ.30 લાખનું એક કામ એક વર્ષમાં એવા બે કામ બે વર્ષમાં અથવા રૂ.૨૪ લાખનું એક કામ એક વર્ષમાં એવા 3 કામ 3 વર્ષમાં કરેલા હોવા જોઈએ.

(૪) ટેન્ડર ફી રૂ.૫૦૦ (નોન રીફન્ડેબલ) રહેશે. ટેન્ડર ડોકયુમેન્ટ સાથે રૂ.૨૫,૦૦૦/-ની કિંમતની કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાના નામની FDR અથવા DD આપવાનો રહેશે અથવા ભાવનગર મહાનગરપાલિકામાં રોકડમાં જમા કરાવી તેની પોચ રજુ કરવાની રહેશે. જેની પાછળ રૂ.૫ ની કિંમતની રેવન્યુ સ્ટેમ્પ લગાડી સહી કરવાની રહેશે અન્યથા ટેન્ડર રદ ગણવામાં આવશે. ડિપોઝીટ વિનાનું ટેન્ડર માન્ય રહેશે નહી. ટેન્ડર મંજૂર થયે ૫% ડીપોઝીટ ભરી એગ્રીમેન્ટ કરવાનું રહેશે. એગ્રીમેન્ટ માટે જરૂરી સ્ટેમ્પ પેપર ટેન્ડર ભરનાર સંસ્થાએ સ્વ-ખર્ચે લાવવાનો રહેશે. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા આપવામાં આવેલ FDR અથવા DD ભાવનગર મહાનગરપાલિકા દ્વારા કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ. આ પ્રકારનો FDR અથવા DD રજુ કરનાર સંસ્થાનું ટેન્ડર રદ ગણવામાં આવશે.

(૫) ટેન્ડર રૂબરૂ કે આંગડીયા દ્વારા સ્વીકારવામાં આવશે નહી. રજી.એડી. થી જ નિયત સમયમાં પહોંચતા કરવાના રહેશે. નિયત સમય બાદ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

(૬) કોઇ ટેન્ડર મંજૂર કરવું કે નહિ તેનો સંપુર્ણ અબાધિત હક્ક કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો રહેશે.

(૭) આ સાથે એનેક્ષ્ચર-૧ માં સામેલ સ્પેસીફીકેશન મુજબ ના જ ટ્રી-ગાર્ડ મુકવાના રહેશે. તથા આ ટ્રી-ગાર્ડને સૂચવ્યા મુજબ નો કલર પણ કરી આપવાનો રહેશે. ટ્રી-ગાર્ડ ફીટ કર્યા બાદ પ્રથમવાર પાણી પણ આપવાનું રહેશે. અને ખાડામાં ૨ કિલો ઓર્ગેનિક ખાતર પણ નાખવાનું રહેશે.

(૮) એજન્સી પાસે PAN કાર્ડ, GST, EPF અને ESIC રજીસ્ટ્રેશન હોવું જરૂરી છે. જેના આધારો ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે સામેલ રાખવાના રહેશે.

(૮) એજન્સીએ ભાવનગર શહેરની હદ મર્યાદામાં સૂચવેલ જગ્યાએ મહાનગરપાલિકાની સુચના મુજબ કામ પૂર્ણ કરવા સાથેનો જ ભાવ આપવાનો રહેશે.

(૯) એજન્સીએ ભાવનગરમાં પોતાનું સ્થાનિક કાર્યાલય હોવા અંગેના આધાર પુરાવા રજુ કરવાના રહેશે.

(૧૦) સદરહુ કામ વર્કઓર્ડર મળ્યેથી દિન ૩૦ માં પૂર્ણ કરી આપવાનું રહેશે. તમામ કામ લખેલી મુદત પ્રમાણે અગર તે અગાઉ પસંદગીને પાત્ર ઠરે તેવી રીતે બરાબર પૂરું કરવાનું રહેશે. આપેલી મુદત ઉપરાંત વધારે દિવસ થાય તો પેનલ્ટી પેટે જેટલા દિવસ વધારે થાય તેટલા દરેક દિવસના કોન્ટ્રાક્ટ વેલ્યુ અથવા મંજૂર રકમ (જો કામમાં એક્સેસ થાય તો એક્સેસ સહિતની કુલ મંજુર રકમ) ના ૦.૧૦% મુજબની રકમ કપાત કરવા પાત્ર થશે જે મહત્તમ ૧૦%(૧૦૦ દિવસ પછી) રહેશે જો જે તે કામે મંજુર રકમ કરતા સેવિંગ રહેતો ફાઇનલ બિલની રકમ મુજબની પેનલ્ટી જમા રાખવાની રહેશે પરંતુ બીજું વધારે કામ કરાવવું પડે તેવા કામ માટે અરજી કરેથી શ્રી કમિશનર સાહેબ મૂળ કારણ અને મુદત ને ધ્યાને રાખી યોગ્ય મુદ્દત વધારી શકશે યોગ્ય કારણોસર સમય મર્યાદામાં વધારો કરવાનો થતો હશે તોપણ સમય મર્યાદા નો વધારો મંજુર ન થાય ત્યાં સુધી પેનલ્ટીની રકમ પેનલ્ટી હેડે જમા લેવાશે (તે રકમ રીટેન્શન એમાઉન્ટ તરીકે જમા રાખવાની કોઈ પ્રથા નથી કે પ્રથા અમલી રહેશે નહીં કે તેવી કોઈ માંગણી ગ્રાહ્ય રાખી શકાશે નહીં.).

(૧૧) વૃક્ષારોપણ દરમિયાન પાણી કે ખાતર નહિ આપવા બદલ રૂ.૫૦૦/નંગ પેનલ્ટી વસુલ લેવામાં આવશે. કામ પૂર્ણ થયે તમામ ટ્રી-ગાર્ડના અક્ષાંશ અને રેખાંશ વાળા, સમય-તારીખ સૂચવતા કલર ફોટોગ્રાફ તથા જે-તે મહાનુભાવની ગ્રાન્ટમાંથી/સ્વ-ભંડોળમાંથી કામ થયેલ હોય તેમનું કામ સંતોષકારક પૂર્ણ થયાનું સર્ટીફીકેટ અથવા ગાર્ડન વિભાગના સ્ટાફનો સ્થળ તપાસનો રીપોર્ટ ફરજીયાત જોડવાનો રહેશે.

(૧૨) સરકારશ્રીના ધારા ધોરણ મુજબ બેલદારના દૈનીક રોજ મુજબ વેતન ચુકવવાનું રહેશે.

(૧૩) ફરજ દરમિયાન કોઇપણ કામદારને કોઇપણ પ્રકારની હાની કે જાનહાની થાય તો તેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની જ રહેશે.

(૧૪) કોન્ટ્રાક્ટ સમય દરમિયાન એજન્સી હસ્તકની મહાનગરપાલિકાની કોઇપણ મિલકતને એજન્સીના કામદાર દ્વારા નુકસાન થાય તો તેની જવાબદારી એજન્સીની રહેશે.

(૧૫) લોખંડના ટ્રી-ગાર્ડ સૂચવેલ સ્થળે વૃક્ષારોપણ સાથે ફીટ કરવાના કામ માં માન.ધારાસભ્યશ્રી/સાંસદસભ્યશ્રી/નગરસેવકશ્રી/ભાવનગર મહાનગરપાલિકા સૂચવે તે મુજબના ૮ થી ૧૦ ફૂટ કે તેથી વધુ ઉંચાઈ ધરાવતા સ્થાનિક વાતાવરણમાં ઉચારી શકે તેવા વૃક્ષો જ વાવવાના રહેશે. દરેક ટ્રી-ગાર્ડ પર કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા સૂચવે તે મુજબનું લખાણ કરી આપવાનું રહેશે.

(૧૬) આ કામગીરી અંગેનુ ટેન્ડર ઓનલાઈન વેબસાઈટ https://tender.nprocure.com પર જ ભરવાનું રહેશે અને ટેન્ડર ડોક્યુમેન્ટ સીલ બંધ કવરમાં ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીની કચેરી, ગાર્ડન વિભાગ, સરદારબાગ,

પાનવાડી, ભાવનગર-૩૬૪૦૦૧ ખાતે રજી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે. ટેન્ડર ડોક્યુમેન્ટ રૂબરૂ કે આંગડીયા દ્વારા સ્વીકારવામાં આવશે નહી.

(૧૭) અગત્યની તારીખો ૧. ટેન્ડર આપવાની તારીખ: ૦૪/૦૩/૨૦૨૪ થી ૨૫/૦૩/૨૦૨૧. ૨. ભરેલ ટેન્ડર અત્રેની કચેરીએ પહોંચતા કરવાની તારીખ ૦૧/૦૪/૨૦૨૪ શક્ય હશે તો ૦૧/૦૪/૨૦૨૪ ના રોજ જ ટેન્ડર કમીટી સમક્ષ ટેન્ડર (ટેકનીકલ બીડ) ખોલવામાં આવશે. ટેકનીકલ બીડમાં ઉતીર્ણ થનાર સંસ્થાઓની જ ઓનલાઈન પ્રાઈઝબીડ ખોલવામાં આવશે. પ્રાઈઝબીડ ખોલવાની તારીખમાં ફેરફાર કરવાનો નિર્ણય કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાનો આખરી રહેશે.

ઉપરોક્ત ટેન્ડરની વિગતો અને શરતો અમોને બંધનકર્તા છે. અમો આ કામ સંતોષ પુર્ણ રીતે પુરૂ કરી આપવા બંધાઈએ છીએ. તે બદલ અમોએ વાંચી વિચારીને નીચે સહિ કરી આપેલ છે.

(કોન્ટ્રાક્ટરની સહિ/સિક્કો)

રોકડામાં ભરી હોય તો તે ડિપોઝીટ ભર્યા અંગેની પહોંચ નંબર ...................... તા.........................
એફ.ડી.આર.નં........................................ રકમ રૂ..........................
બેંક વિગત............................................................................

# એનેક્ષ્ચર-૧

## લોખંડના ટ્રી-ગાર્ડના સ્પેસીફીકેશન

(૧)ટ્રી-ગાર્ડનો ડાયામીટર ૧૪ ઇંચ.

(૨)ટ્રી-ગાર્ડની કુલ લંબાઈ ૭ ફૂટ (ચાર પાયા સાથે).

પીંજરાની લંબાઈ ૫.૫ ફૂટ

જાળીની લંબાઈ ૫ ફૂટ

પાયાની લંબાઈ ૧.૫ ફૂટ

(૩)ટ્રી-ગાર્ડમાં રીંગ (નંગ-૩).

૨૫ X ૩ એમ.એમ. ની પટ્ટી,૧૪ ઇંચ ડાયામીટર.

(૪)ટ્રી-ગાર્ડની એન્ગલ (નંગ-૪).

૧૯એમ.એમ.X૧૯એમ.એમ.X ૨ એમ.એમ.(૧૨/૧૪ ગેઈઝ)૭ ફૂટ લંબાઈ

પાયામાં એન્ગલનો છેડો ફાડીને વાળી આપવાનો રહેશે.

(૫)ટ્રી-ગાર્ડની જાળી.

જાળીની સાઈઝ ૧.૨૫ ઇંચ X ૧.૨૫ ઇંચ (૧૨/૧૪ ગેઈઝ).

(૬)નેમ પ્લેટ. ૧૪ ઇંચ X ૬ ઇંચ,પતરામાં સૂચવવામાં આવે તે મુજબ નામ લખવાનું રહેશે.

(૭)ટ્રી-ગાર્ડનું વજન ૯ કિલોથી ઓછું ના હોવું જોઈએ.

(૮)ટ્રી-ગાર્ડને સૂચવ્યા મુજબનો ઓઈલ પેઈન્ટ કલર કરી આપવાનો રહેશે.

(૯)પ્રથમ નમૂનાનું ટ્રી-ગાર્ડ રજુ કરવાનું રહેશે.

(૧૦)ટ્રી-ગાર્ડ નટ બોલ્ટ ફીટીંગ વાળા સપ્લાય કરવાના રહેશે. દરેક ટ્રી-ગાર્ડ પર કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા સૂચવે તે મુજબ ના નંબર આપવાના રહેશે.